ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ- 2389/04/2024** **તા.29-04-2024**

## મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમા વલસાડ-ડાંગ લોકસભાની જાહેરસભા આહવા ખાતે યોજાઇ

----

## મોદી સાહેબ પાસે આગવી સુજ,દ્રઢતા અને સામર્થ્ય સાથે રાષ્ટ્રના વિકાસનો સંકલ્પ છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

## મોદી સાહેબની ગેરંટી એટલે વિઝનથી વિકાસ, સંકલ્પથી સમૃદ્ધી અને આત્મનિર્ભર થી આત્મસન્માન. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

## દેશને સુરક્ષીત અને શક્તિશાળી બનાવવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સખત પરિશ્રમ કરી રહ્યા છે. – શ્રી ધવલભાઇ પટેલ

----

## આદિવાસી અને છેવાડાના માનવીની જો કોઇએ ખરેખર ચિંતા કરી હોય તો તે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે. – શ્રી કુંવરજીભાઇ હળપતી

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમા વલસાડ-ડાંગ લોકસભાની જાહેરસભા આહવા ખાતે યોજાઇ. ઉમેદવારને જંગી મતોથી જીતાડવા અપીલ કરવામા આવી. આ કાર્યક્રમમા જીલ્લાના પ્રમુખશ્રી કિશોરભાઇ ગાવીતે પ્રાસંગીક પ્રવચન કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, આ વખતની લોકસભા ચૂંટણીમા જનતાએ ફરી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ત્રીજી વખત વડાપ્રધાન બનવવાના છે અને તે પણ 400 થી વધુ બેઠકો સાથે. મોદી સાહેબ પાસે આગવી સુજ,દ્રઢતા અને સામર્થ્ય સાથે રાષ્ટ્ર વિકાસનો સંકલ્પ છે. પ્રાકૃતિક ખેતીનો વિચાર જો કોઇએ આપ્યો હોય તો તે મોદી સાહેબ છે. જમીનનુ સ્વાસ્થ્ય અને આપણા સ્વાસ્થ્યને સુધારવા પ્રાકૃતિક ખેતી કરવી જરૂરી છે અને ડાંગ જીલ્લોએ આખા દેશમા પ્રાકૃતિક ખેતી કરે છે. મોદી સાહેબે ગરીબ વ્યકિતના કલ્યાણ માટે કામ કર્યુ છે. આજે મોદી સાહેબે ગરીબોને પાકુ ઘર,મહિલાઓને ગેસ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

સિલન્ડર,આયુષ્યમાન કાર્ડ,નળ સે જળ સહિતની યોજના જાહેર કરી ઘરે બેઠા લાભાર્થીઓને લાભ મળે તેવી વ્યવસ્થા કરી છે. મોદી સાહેબની ગેરંટી એટલે વિઝનથી વિકાસ, સંકલ્પથી સમૃદ્ધી અને આત્મનિર્ભર થી આત્મસન્માન.કેન્દ્રમા ભાજપ સરકાર અને મોદી સાહેબને વડાપ્રધાન બનાવવા છે. આ વખતે ભારત વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બને તે માટે ભાજપ ને મત આપવાનો છે.

શ્રી કુંવરજીભાઇ હળપતીએ સંબોધન કરતા જણાવ્યું કે, આદિવાસી અને છેવાડાના માનવીની જો કોઇએ ખરેખર ચિંતા કરી હોય તો તે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે. મોદી સાહેબે છેવાડાના માનવીઓને જંગલ જમીનનો હક્ક આપ્યો, વારસાઇનો હક્ક આપ્યો છે. વિરોધી રાજકીય પાર્ટીઓ કહે છે કે ભાજપ બંધારણ બદલી નાખશે પણ ભાજપ તો બંધારણનુ સન્માન કરે છે, તેઓ તમને ગેરમાર્ગે દોરે છે. આજે આદિવાસી સમાજનો દિકરો કે દિકરી પાયલટ બનવા માગતો હોય તો રાજય સરકાર ટ્રેનિંગ માટે સહાય આપે છે.

ઉમેદવારશ્રી ધવલભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, દેશને સુરક્ષીત અને શક્તિશાળી બનાવવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સખત પરિશ્રમ કરી રહ્યા છે. મોદી સાહેબે ઘરે ઘરે ગેર સિલિન્ડર પહોંચાડી બહેનોને ધૂમાડાથી છુટકારો અપાવ્યો છે. આજે ગરીબ પરિવાર પણ સારામા સારી હોસ્પિટલમા સારવાર કરી શકે તે માટે આયુષ્યમાન કાર્ડ યોજનાની જાહેરાત કરી છે અને ગુજરાતમા દસ લાસ રૂપિયા સુધીની સારવાર ફ્રીમા થઇ રહી છે. આદિવાસી સમાજને કોંગ્રેસે ગેર માર્ગે દોરવાનુ કામ કરે છે. મોદી સાહેબે ભાજપના સંકલ્પ પત્રમા આપેલા દરેક વચનો પુર્ણ કર્યા છે. મોદી સાહેબે આદિવાસી સમાજના મહિલાને દેશના રાષ્ટ્રપતિ તરીકે નિયુકત કર્યા છે. આવનાર પાંચ વર્ષમા મોદી સાહેબના નેતૃત્વમા ભારત ખૂબ આગળ વધવાનો છે.

આ કાર્યક્રમમા રાજયનામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ,શ્રી કુંવરજીભાઇ હળપતી, નાયબ દંડકશ્રી વિજયભાઇ પટેલ,ઉમેદવારશ્રી ધવલભાઇ પટેલ,ક્લસ્ટર ઇન્ચાર્જશ્રી ભરતભાઇ પંડયા,જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી નિર્મલાબેન,વલસાડ લોકસભાના પ્રભારીશ્રી કરશનભાઇ ટીલવા,વલસાડ જિલ્લાના પ્રમુખશ્રી હેમંતભાઇ કંસારા,ડાંગ જીલ્લાના પ્રમુખશ્રી કિશોરભાઇ ગાવીત,ડાંગ જીલ્લાના સંગઠન પ્રભારીશ્રી રાજેશભાઇ દેસાઇ,ચૂંટણીના સંયોજકશ્રી મગળભાઇ ગાવીત,વિધાનસભાના પ્રભારીશ્રી આશિષભાઇ દેસાઇ,જીલ્લાના મહામંત્રીશ્રીઓ સહિત જીલ્લા અને પ્રદેશના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)